# ભારતમાં ટકાઉ અને ગુણવત્તા ધરાવતા આવાસોનું નિર્માણ

પ્રા. રિટાકુમાર પી. મહેતા
સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, વાંસદા

## ૧. પ્રસ્તાવના

ભારતમાં આર્થિક વિકાસની વ્યુહરચનામાં અનેક કાર્યક્રમો કરવામાં આવ્યાં અને ખાસ સુધારા ઈ.સ.૧૯૯૧માં કર્યા. જેમાં ખાનગીકરણ, ઉધારીકરણ, વૈશ્વિકરણ રોજગારીમાં વધારો કરવા માટે થયા. આર્થિક વિકાસના વધારા સાથે શહેરીકરણની પ્રક્રિયા વેગવાન બની. ભારત હાલમાં જે પડકારોનો સામનો કરી રહ્યું છે તેમાં પૂરતા આવાસ આપવાની અત્યંત ગંભીર સમસ્યાનો સમાવેશ થાય છે.

ભારત વસતિની ષ્ટિએ વિશ્વનાં બીજા ક્રમે આવતો દેશ છે. આહાર અને કપડાં પછી 'નિવાસ' મનુષ્યની સૌથી મોટી પાયાની જરૂરીયાત છે. એવા વ્યક્તિઓ ઘર વિહોણા હોય છે જેમને મકાન બાંધવાનું પોસાતું નથી અને તેમને સલામત આવાસની જાળવણી કરી શકવા માટે સમર્થ નથી. ભારતનો વિશ્વમાં આર્થિક દરજ્જો વધતો જતો હોવા છતાં વર્ષ ૨૦૧૧ની વસતિ ગણતરી અનુસાર ભારતમાં ૧.૭૭ મિલિયન લોકો ઘર વગરના હતા. જેમાં ૫૨.૯ ટકા લોકો શહેરી વિસ્તારોમાં અને ૪૭.૧ ટકા લોકો ગ્રામ્ય વિસ્તારોમાં ઘર વગરના છે. દેશમાં ૧૮.૭૮ મિલિયન જેટલી આવાસની તંગી છે. ગરીબ વ્યકિત માટે આવાસ એ ગરીબી નિવારણનું મહત્ત્વનું પરિબળ છે. ગ્રામ્યવિસ્તારમાં રોજગારીની તકોના અભાવે શહેરો તરફ રોજગારી મેળવવા સ્થળાંતર કરે છે. આમ, શહેરવિસ્તારમાં ઘર વગરના લોકોની સમસ્યા વધી છે. અપૂરતા આવાસોની સમસ્યા ખાસ ગ્રામવિસ્તારોમાં જ્યાં મોટા ભાગની ગરીબીની વન રેખા નીચેની વસતિ વસે છે.

ભારતમાં જાહેર આવાસોની સમસ્યા આઝાદી પછી શરણાર્થીઓના પુન:વસવાટની અસ્તિત્વમાં આવી. ગરીબીની વન રેખા નીચે વતા લોકો માટે આવાસોની સમસ્યા હલ કરવા માટે ૧ જાન્યુઆરી ૧૯૯૬થી ઈંદિરા આવાસ યોજનાની શરૂઆત કરવામાં આવી હતી. આ યોજનાના અમલને ૩૦ થી વધુ વર્ષ વીતવા છતાં ઈંદિરા આવાસ યોજના દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં આવાસોની તંગી નોંધપાત્ર પ્રમાણમાં ઘટાડવા છતાં આ યોજના હેઠળ લોકોને મર્યાદિતપણે આવરી લેવાના કારણે ગ્રામ્ય આવાસો ઊભા કરવામાં નોંધપાત્ર ઊણપ જણાય છે. આથી પૂરતા આવાસોનું મહત્ત્વ અને જરૂરીયાતને પારખીને ભારત સરકારે વર્ષ ૨૦૨૨ સુધીમા "સૌના માટે આવાસ"ની યોજના અમલમાં મૂકવામાં આવી છે.

પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી)નો પ્રારંભ ૨૫ જૂન ૨૦૧૬ના રોજ પ્રધાનમંત્રી દ્વારા શરૂ કરવામાં આવી અને પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) તા.૨૦ નવેમ્બર ૨૦૧૬ના રોજ માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે યુ.પી.ના આગ્રા ખાતે યોજનાનું અનાવરણ થયું. શહેરી વિસ્તારમાં પ્રધાનમંત્રી આવાસ યોજના રા વગાંધી આવાસ યોજનાનું સ્થાન લેશે અને ગ્રામીણ વિસ્તારમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાએ ઈન્દિરા ગાંધી આવાસ યોજનાની સુધારેલ આવૃત્તિ છે. દિલ્હી અને ચંદીગઢમાં ગ્રામીણવિસ્તાર સિવાય સમગ્ર દેશમાં લાગુ પડશે. આ યોજના કેન્દ્ર પુરસ્કૃત યોજના છે. જેનો ખર્ચ ૬૦.૪૦ ના ધોરણે ભારત સરકાર રાજ્ય સરકાર ભોગવે છે. સાદા વિસ્તારમાં અને ઉત્તર–પૂર્વીય રાજ્ય અને ડુંગરાળ પ્રદેશમાં ૯૦–૧૦ની જોગવાઈ અમલમાં છે. આ યોજના હેઠળ પાત્રતા ધરાવતા લાભાર્થીને આવાસ બાંધકામ માટે સરકારશ્રી દ્વારા ૧,૨૦,૦૦૦/– ની સહાય અને મનરેગા હેઠળ ૯૦ માનવ દિવસની રોજગારી રૂા. ૧૭૨૮૦ ની સહાય અને સ્વચ્છ ભારત મિશન યોજના હેઠળ આવાસ દીઠ શૌચાલયની સહાય રૂા. ૧૨,૦૦૦/– કુલ ૧,૪૯,૨૮૦ સહાય મળવા પાત્ર થાય છે.

## ૨.ઉદ્દેશો

- રાજ્યના ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં વસતા ઘર વિહોણા લાભાર્થીઓને તથા કાચા અને જર્જરિત મકાનમાં પરિવારોને પાયાની સુવિધાઓ સાથેનું પાકું આવાસ પૂરું પાડવાનો.
- આવાસોનું બાંધકામ લાભાર્થીઓ જાતે કરવાનું હોય છે.
- આ યોજના હેઠળ વર્ષ ૨૦૧૬–૧૭માં ૧૧૩,૫૯૫ લાભાર્થીઓને લાભ આપવાનો લક્ષ્યાંક રાખેલ છે.
- વર્ષ ૨૦૧૭–૧૮માં ૯૧૧૦૮ ને લાભ આપવાનો લક્ષ્યાંક રાખવામાં આવેલ છે.
- આ યોજનામાં ૧૦૦% સહાયથી આવાસનો લાભ નિયત યુનિટ કોષ્ટ મર્યાદામા આપવામાં આવે છે.
- આ યોજનામાં ૨૫૦૦ ચો.કિમી. જમીન પર આવાસ બનાવવા માટે સહાય મળવાપાત્ર છે.
- આ યોજના હેઠળ મેદાની વિસ્તારમાં લાભાર્થીને ૧,૨૦,૦૦૦/– અને પહાડી વિસ્તારમાં ૧,૩૦,૦૦૦/– ની સહાય નવા આવાસ બનાવવા માટે મળે છે.
- લાભાર્થીઓની પસંદગી એસઈસીસી–૨૦૧૧ના ડેટા પ્રમાણે કરવામાં આવે છે.
- આ યોજના હેઠળ વર્ષ ૨૦૨૨ સુધીમાં તમા ગ્રામીણ અને શહેરી પરિવારોને પર્યાવરણીય રીતે સુરક્ષિત અને પાકા ઘર (ત્રણ કરોડ) ઉપલબ્ધ કરવાની જોગવાઈ માર્ચ ૨૦૧૯ સુધીમાં એક કરોડ ઘરોનું નિર્માણ કરશે.
- આ યોજના હેઠળ મંજુરીના એક વર્ષમાં આવાસનું બાંધકામ પૂર્ણ કરવાનું રહે છે.

આ યોજના ભારતમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી તાલુકા પંચાયત કચેરી, ગ્રામ પંચાયત કચેરી આ સંસ્થાઓ હેઠળ અમલ કરવામાં આવશે. વર્તમાન યોજનામાં મકાનનાં બાંધકામ માટે

સહાય સિવાય પાયાની સગવડો પૂરી પાડવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકારોનો સહયોગ પ્રાપ્ત થાય તેની ખાત્રી રાખવામાં આવી છે. પાયાની સગવડો પૂરી પાડવા માટે જે વિવિધ યોજનાઓનું રૂપાંતરણ કરાયું છે તેમાં નીચેની યોજનાઓનો સમાવેશ થાય છે.

(૧) પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ મકાનોમાં શૌચાલયનું બાંધકામ આંતરિક હિસ્સો માની લાભાર્થીઓને શૌચાલયની સુવિધા સ્વચ્છ ભારત મિશન –ગ્રામીણ મનરેગા યોજના દ્વારા શૌચાલયના બાંધકામ માટે નાણાંકીય સહાય પૂરી પાડવાની રહેશે અને પછી જ મકાનને પૂર્ણ થયેલું ગણવામાં આવશે.

(૨) વનની પાયાની જરૂરિયાતમાં પીવાના પાણીનો સમાવેશ થાય છે. યોજનાના લાભાર્થીઓને પીવાના પાણી અને સ્વચ્છતા મંત્રાલયના નેશનલ રૂરલ ડ્રીંકીંગ વોટર પ્રોગ્રામના ધોરણો અને બીજા અન્ય પ્રકારની યોજના મુજબ પીવાનું સલામત પાણી પૂરું પાડવામાં આવે તે જરૂરી છે.

(૩) પ્રધાનમંત્રી આવાસ યોજના લાભાર્થીઓને રસોઈ માટેનું સ્વચ્છ અને કાર્યક્ષમ બળતણ પ્રાપ્ત થાય તે માટે રાજ્ય સરકારો અને કેન્દ્રશાસિત પ્રદેશોએ તેમને પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય હેઠળની પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના હેઠળ એલપી ના જોડાણો મળી રહે તે માટે વ્યવસ્થા કરવાની રહેશે.

(૪) આવાસોમાં સ્વચ્છ અને તંદુરસ્ત વાતાવરણ જળવાઈ રહે તે માટે આ આવાસો દ્વારા પેદા થયેલા ઘન અને પ્રવાહી કચરાના શુધ્ધિકરણ કરવાના હેતુથી રાજ્ય સરકારો સ્વચ્છ ભારત મિશન હેઠળ કચરાનો નિકાલ કરવાનો રહેશે.

(૫) ગ્રામ જ્યોતિ યોજના અનુસાર પ્રધાનમંત્રી આવાસ યોજનાનાં લાભાર્થીઓ પરિવારોને વીજળીના જોડાણો આપવામાં આવશે.

## ૩. તા.૩૧ જૂલાઈ, ૨૦૧૭ની સ્થિતિએ PMAY યોજનાની પ્રગતિ

| ક્રમ્ | રજ્યો/કેન્દ્ર શાસિતપ્રદેશ | મંજુર થયેલ પ્રોજેક્ત ની દરખાસ્ત | મંજુર થયેલ રોકાણ રૂ.કરોડ માં | બંધાનારા મકાનો |
|---|---|---|---|---|
| ૧ | આંધ્રપ્રદેશ | ૨૦૭ | ૨૪૮૩૯.૮૬ | ૪૨૦૩૮૬ |
| ૨ | બિહાર | ૧૮૦ | ૩૯૧૧.૧૮ | ૮૮૩૭૧ |
| ૩ | છત્તિસગઢ | ૬૯ | ૨૯૬૪.૩૯ | ૩૫૩૫૭ |
| ૪ | ગોવા | - | ૧.૪૬ | ૨૦ |
| ૫ | ગુજરાત | ૧૭૪ | ૧૦૩૭૭.૬૮ | ૧૫૬૪૯૩ |
| ૬ | હરિયણા | ૫ | ૩૪૧.૨૨ | ૪૪૭૪ |
| ૭ | હિમાચલ | ૩૬ | ૨૨૧.૯૨ | ૪૮૯૭ |
| ૮ | જમ્મુ અને કાશ્મીર | ૪૪ | ૨૯૨.૩૨ | ૬૨૫૦ |
| ૯ | ઝારખંડ | ૧૮૪ | ૩૦૩૧.૮૯ | ૮૧૭૨૫ |
| ૧૦ | કર્ણાટક | ૮૪૨ | ૯૨૫૧.૧૯ | ૨૦૩૧૪૫ |
| ૧૧ | કેરલા | ૧૦૬ | ૧૦૮૨.૫૫ | ૩૨૬૪૨ |
| ૧૨ | મધ્યપ્રદેશ | ૩૬૮ | ૧૯૪૫૨.૬૧ | ૨૮૬૯૪૯ |
| ૧૩ | મહારષ્ટ્રા | ૪૯ | ૧૪૧૪૪.૬૮ | ૧૩૩૦૪૩ |

| ક્રમ્ | રજ્યો/કેન્દ્ર શાસિતપ્રદેશ | મંજુર થયેલ પ્રોજેક્ત ની દરખાસ્ત | મંજુર થયેલ રોકાણ રૂ.કરોડ માં | બંધાનારા મકાનો |
|---|---|---|---|---|
| ૧૫ | પંજાબ | ૩૨૯ | ૧૨૧૪.૯૦ | ૪૨૯૦૫ |
| ૧૬ | રાજસ્થાન | ૬૫ | ૩૧૯૦.૪૫ | ૪૪૭૬૩ |
| ૧૭ | તામિલનાડુ | ૧૬૩૪ | ૧૧૯૪૫.૨૪ | ૩૩૪૮૦૧ |
| ૧૮ | તેલંગાણા | ૧૪૬ | ૫૦૦૩.૪૪ | ૮૩૦૯૪ |
| ૧૯ | ઉત્તરપ્રદેશ | ૨૫૬ | ૩૨૬૨.૦૭ | ૭૮૭૨૭ |
| ૨૦ | ઉતરાખંડ | ૪૧ | ૫૧૬.૫૨ | ૮૦૭૨ |
| ૨૧ | પશ્ચિમ બંગાળા | ૧૫૩ | ૫૯૦૩.૭૨ | ૧૪૪૮૬૨ |
| | **કુલ સરવાળો** | **૫૦૦૪** | **૧૨૩૬૧૩.૦૯** | **૨૨૫૦૫૦૧** |
| | | | | |
| ૨૨ | અરૂણાચલ | 5 | 98.16 | 1606 |
| ૨૩ | આસામ | 47 | 1247.78 | 36577 |
| ૨૪ | મણિપુર્ | 24 | 679.52 | 26451 |
| ૨૫ | મેઘાલય | 8 | 32.23 | 764 |
| ૨૬ | મિઝોરમ | 9 | 222.92 | 10552 |
| ૨૭ | નગાલેંડ સિક્કિમ | 13 | 335.03 | 13560 |
| ૨૮ | સિક્કિમ્ | 1 | 1.95 | 43 |
| ૨૯ | ત્રિપુરા | 24 | 1267.49 | 45972 |

સ્ત્રોત: યોજના-૨૦૧૭

## સંદર્ભ

૧. યોજના – સપ્ટેમ્બર – ૨૦૧૭

૨. www.iay.nic.in